**<u>સમરી શ્યુટ નં.૦૧/૨૦૨૧</u>**

## ''પ્રતિવાદીઓ તરફે આંક–૧૦ થી રજુ બચાવ કરવાની પરવાનગી અરજી લગત હુકમ''

**૧.** સદરહુ સમરી દાવામાં પ્રતિવાદીઓ તરફે હાલની લીવ ટુ ડિફેન્ડની અરજી રજુ કરી હાલ ના સમરી દાવા ના કામે પ્રતિવાદીઓ ને નીંચે જણાવેલ કારણોંસર બચાવ કરવા પરવાનગી (લીવ ટુ ડીફેન્સ) આપવા અરજ કરવામાં આવેલ છે. પ્રતિવાદીઓ તરફે હાલ ના દાવા ના કામે તેઓ ના મુખ્યત્વે બચાવો નીંચે મુજબ જણાવેલ છે.

**૧.૧** આ કામના પ્રતિવાદીઓ પાસે થી વાદી બેંન્કે ડીપોઝીટની રકમ સીકયુરીટી પેટે પ્રતિવાદી પાસે થી ફીકસ ડીપોઝીટ મેળવી લીધેલ જે ફીકસ ડીપોઝીટ ની રસીદ આ કામે અલગ લીસ્ટ થી રજુ કરવામાં આવેલ છે. વાદી બેન્ક તથા પ્રતિવાદીઓ વચ્ચે જે વ્યવહાર થયેલ હતો તે તમામ વ્યવહાર ની નકલો અલગ લીસ્ટ થી રજુ રાખવામાં આવેલ છે. જેથી પણ સને.૨૦૧૮ બાદ વાદી બેન્ક તથા પ્રતિવાદીઓ વચ્ચે કોઈપણ જાત નો લેતી દેતી નો વ્યવહાર કરવામાં આવેલ નથી તે પણ પ્રતિવાદીઓ પુરાવા બાદ સાબીત કરી શકે તેમ છે. આ અગાઉ જે બીઝનેશ લોન પ્રતિવાદી ને બેન્ક તરફ થી આપવામાં આવેલ તે અનુસંધાને વાદી બેન્ક તરફ થી સેટલમેન્ટ ની ફોર્મુલા આવતા પ્રતિવાદીએ તે રકમ તમામ ભરપાઈ કરી પ્રતિવાદી નું લોન ખાતુ કલીયર કરાવી નાંખેલ છે.પરંતુ તે સબંધ માં પ્રતિવાદીઓ પાસે થી મેળવેલ ચેકસ પ્રતિવાદી ને પરત કરવામાં આવેલ નથી, પ્રતિવાદીઓ તરફે અવાર નવાર વાદી બેન્ક ને જણાવવા છતા પ્રતિવાદીઓ ના ચેકસ પરત કરેલ નથી. આમ, વાદી બેંક ની તાનાશાહી પ્રતિવાદીઓ ઉપર સતત ચાલી રહેલ છે તેમજ તેમ કરવાનો વાદી બેન્ક ને કોઈ કાયદેસર હકક કે અધિકાર પણ નથી. તે સંજોગો માં તે તમામ હકીકતો પુરાવાથી પ્રતિવાદી સાબીત કરી શકે તેમ હોય પરિસ્થિતિ જોતા વાદીનો બચાવ બિન–શરતી મંજુર કરવાની અરજ કરવામાં આવેલ છે.

૨. પ્રતિવાદીઓએ રજુ કરેલ બચાવની પરવાનગી અરજી સામે વાદી તરફે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી,વધુમાં સદર દાવાનું રેકર્ડ જોતા આ કામના વાદીએ પ્રતિવાદી ને સદર દાવાનો સમન્સ બજતા અને પ્રતિવાદીઓ દાવાના કામે હાજર થયા બાદ વાદી તરફે હાલના કામે કોઈ સમન્સ ફોર જજમેન્ટ રજુ કરવામાં આવેલ નથી.

૩. હાલ ની અરજી અન્વયે પ્રતિવાદી તરફે મૌખીકત દલીલો સાંભળેલ છે તેઓ એ તેમની દલીલો માં આ કામે પ્રતિવાદીઓ નો મહત્વ નો બચાવ રહેલ હોય સદર દાવાના કામે તેઓ ને બીન શરતી બચાવ કરવા માટે પરવાનગી આપવા માટે તેઓ ની લીવ ટુ ડીફેન્સ ની હાલની અરજી બીન શરતી મંજુર કરવાની દલીલ કરવામાં આવેલ છે. વાદી તરફે સદર દાવાના કામે ઘણાં લાંબા સમય થી વાદી વકીલ કે વાદી પોતે હાજર રહેતા ન હોય સદર લીવ ટુ ડીફેન્સ ની અરજી સબંધે વાદીપક્ષ ને કોઈ રજુઆત નહીં હોવાનું માની સદર લીવ ટુ ડીફેન્સ ની અરજી સને. ૨૦૨૧ ની સાલ થી પેન્ડીંગ હોય સદર અરજી ને આજરોજ હુકમ પર લેવામાં આવેલ છે.

૪. હાલની અરજી નો નિર્ણય કરતા પહેલા અહીં ઓર્ડર–૩૭ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરુરી જણાંય છે.

**ઓર્ડર–૩૭ :–**

રૂલ ૧. કોર્ટો અને જેને હુકમ લાગુ પડતી હોય તે દાવાઓના વર્ગો.

(૧) આ હુકમ નીચેની કોર્ટોને લાગુ પડશે.

(એ) ઉચ્ચ કોર્ટો શહેર દિવાની કોર્ટો અને લઘુવાદ કોર્ટોને, અને

(બી) બીજી કોર્ટોને,

પરંતુ ખંડ(b)માં ઉલ્લેખેલ કોર્ટોનાં સંબંધમાં, ઉચ્ચ કોર્ટ રાજયપત્રમાં જાહેરનામા થી પોતાને યોગ્ય લાગે તેવા દાવાના પ્રકાર પુરતા જ આ હુકમનો અમલ મર્યાદિત કરી શકાશે અને કેસનાં સંજોગો જોતાં આવશ્યક હોય તે પ્રમાણે વખતોવખત

રાજપત્રમાં, પછીનાં જાહેરનામાથી દાવાઓનાં જે પ્રકારો આ હુકમનાં અમલ હેઠળ લાવવા નાં હોય તેમને પોતાને યોગ્ય લાગે તે મુજબ વધુ મર્યાદિત કરી શકશે, વિસ્તૃત કરી શકશે, અથવા તે ફેરફાર કરી શકશે.

(૨) પેટાનિયમ(૧)ની જોગવાઈઓને આધિન રહીને, નીચેના પ્રકારના દાવાઓ ને આ હુકમ લાગુ પડે છે :–

(ક) વિનિમયપત્ર, હુંડીથી અને પ્રોમીસરી નોટ અંગેનાં દાવા,

(ખ) જેમાં વાદી માત્ર પ્રતિવાદીએ આપવાના કોઈ દેવાની કે રોકડ નાણાંમાં રૂપાંતરિત માગણીની રકમ વ્યાજ સહિત કે વ્યાજ વગર વસુલ કરવા મંગતા હોય અને જે રકમ,

(૧) લેખિત કરારમાંથી ઉભી થતી હોય, અથવા

(૨) જેમાં વસુલ કરવામાં આવનાર રકમ નાણાંની નિશ્ચિત રકમ હોય, અથવા દંડ સિવાયનાં દેવામાં પ્રકારની હોય, ત્યારે એવા અધિનિયમનમાંથી ઉભી થતી હોય, અથવા

(૩) મુળ ધણી સામેનો હક દાવો માત્ર, દેવાનાં અથવા રોકડ રકમનાં સંબંધમાં હોય, ત્યારે બાંયધરીમાંથી ઉભી થતી હોય તેવા દાવા.

**૫.** આ કામે પ્રતિવાદી નં.૨ તથા ૩ ની બચાવ અરજી માં પ્રતિવાદીઓ નો મુખ્ય બચાવ એવો છે કે,આ કામના પ્રતિવાદીઓ ને વાદી બેંક ની લેણીં રકમ સેટલમેન્ટ અનુસંધાને ભરપાઈ કરી આપેલ છે અને તેની પહોંચ પણ પ્રતિવાદીઓ પાસે મોજુદ છે. આમ, પ્રતિવાદીઓ ની રજુઆત મુંજબ પ્રતિવાદીઓ એ વાદી બેંક ની લેણી રકમ ભરપાઈ કરી આપેલ હોવાની રજુઆત કરતા હોય અને તે અંગે નો આધાર પણ પ્રતિવાદીઓ પાસે મોજુદ હોવાનું પ્રતિવાદીઓ જયારે જણાવતા હોય ત્યારે આ કામના વાદીની પ્રતિવાદીઓ પાસે થી દાવાવાળી રકમ લેણી બાકી પડે છે કે કેમ ? તે બાબત ટ્રાયેબલ ઈશ્યુ બને છે અને તે સબંધે આ કામે પુરાવો લેવો જરુરી

જણાય છે. વધુમાં પ્રતિવાદીઓ ની હાલની અરજી ની સુનાવણીં માટે સને.૨૦૨૧ ની સાલ થી વાદીઓ તરફે કોઈ હાજર રહેતુ ન હોય જેથી પ્રતિવાદીઓ એ તેઓ ની અરજી માં જણાવેલ હકીકતો સબંધે સાચી હકીકત રેકર્ડ પર આવેલ નથી તે સંજોગો માં પણ હાલના કામે પુરાવો લેવો જરુરી જણાય છે.

વાદી તરફે હાલના સમરી દાવાના કામે તેઓ ના દાવા સમર્થન માં રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ને જોતા તે સાદી ઝેરોક્ષ નકલો પર આધાર રાખેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટ ના **Neebha Kapoor Vs Jayantilal Khandwala & Ors (Appeal (Civil) 573 of 2008 Date 22.01.2008)** ના ચુકાદા માં ઠરાવેલ છે કે, 10. For the purpose of obtaining a Summary judgment in terms of Order 37 of the Code, Ordinarily the Original documents must be produced. Original documents are not available. Appellant, therefore, is obligation to prove the loss of documents. Only because a suit has been entertained as a summary suit, the same by itself may not be a ground for passing of a judgment on mere asking...... A decree could not have been granted on the basis of even photostat copies of the documents......

આ કામે પણ વાદીએ તેઓ ની દાવા અરજી સાથે સાદી ઝેરોક્ષ નકલો પર આધાર રાખેલ હોય અને ઉપરોકત ચુકાદા ને લક્ષ માં લેતા સમરી દાવાના કામે સાદી ઝેરોક્ષ નકલો આધારે વાદી ની તરફેંણ માં જજમેન્ટ થઈ શકે નહીં તેમજ હાલના દાવાના કામે વાદીએ પ્રતિવાદીઓ પાસે થી દાવાવાળી રકમ પર ૧૮ ટકા લેખે વ્યાજ ની માંગણી કરેલ છે. વાદીએ સદર ટકાવારી ની ગણતરી કયા આધારે કરેલ છે તે બાબતે પણ રેકર્ડ પર પુરાવો લેવો જરુરી છે. આમ, આ કામે પ્રતિવાદી ઓ તરફે તેઓ ની લીવ ટુ ડીફેન્સ માં લેવામાં આવેલ બચાવો તથા કાયદા ની પરિસ્થિતિ ને ધ્યાને લેતા ઘણાં મુદ્દાઓ સબંધે પુરાવો લેવો જરુરી હોય જેથી આ કામના પ્રતિવાદીઓ ને બિન–શરતી બચાવ ની તક આપવી ઉચિત અને ન્યાયી જણાય છે જેથી પ્રતિવાદી ઓ ની હાલની બચાવ ની અરજી પરત્વે ન્યાય ના હીત માં નીંચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

૧. પ્રતિવાદીઓ ની આંક–૧૦ ની લીવ ટુ ડિફેન્ડની અરજી બિન–શરતી મંજુર કરવામાં આવે છે.

૨. સદરહું દાવાને સમરી દાવા માં થી કન્વર્ટકરી રેગ્યુલર મની શ્યુટતરીકે ચલાવવા તથા સદર દાવાને રેગ્યુલર દાવા તરીકે નવો નંબરપડાવવા માટે ફાઈલીંગ સેન્ટર તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. પ્રતિવાદીઓ એ દિન–૩૦ માં સદર દાવાનો જવાબ અચુક રજુ રાખવો.

૪. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૧૬ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ. : ૧૬/ ૦૪/૨૦૨૬
સ્થળ : મહુવા.

(હિતેશકુમાર બી. શર્મા )
પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ,મહુવા.
(GJ01147)